# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫ તા.૨૬-૪-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- તાસદીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવા બાબત (પ્રવાસી શિક્ષક)**

**સંદર્ભ :- (૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક - બમશ-૧૦૧૪-૧૪૦-ગ-તા.૨૧-૧૨-૧૫**

**(૨) પ્રા.શિક્ષણ નિયામકશ્રીની કચેરી તો પત્રક્રમાંક : પ્રાશિનિ/નીતિ/પ્રવાસી શિક્ષક/૨૦૧૬/ક, તા.૪-૨-૧૬**

**(૩) શિક્ષણ વિભાગના પત્રક : બમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૪-૨-૧૬**

**(૪) પ્રા.શિક્ષણ નિયામકશ્રીનો કચેરીનો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/પ્રવાસી શિક્ષક/૨૦૧૬ / ક/૧૪૧૧-૭૫ તા.૫-૩-૧૬**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉપરોકત વિષય અને સંદર્ભમા જણાવેલ ઠરાવ પરિપત્ર અને વખતોવખત સુધારા સાથેના પત્રોમાં આપેલ સૂચનાઓ જે આ સાથે સામેલ છે તે અનુસાર નગર પ્રા.શિ.સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના અભાવે શિક્ષણ કાર્યથી વિપરીત અસર થાય નહી તે ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા પ્રવાસી શિક્ષકની યોજના દાખલ કરવામાં આવી છે. તે માટેની કાર્ય પ્રણાલી અને માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ મૂળ ઠરાવમાં અને સુધારા સાથેના પત્રોમાં દર્શાવેલ છે. જેનો ચૂસ્તપણે અમલ કરતી વખતે નીચે મુજબની કાળજી લેવા જણાવવામાં આવે છે.

૧) પ્રવાસી શિક્ષકે તાસદીઠ માનદ્ વેતનની માત્ર શિક્ષણ કાર્ય કરવાનું રહેશે. અન્ય કોઈ કામગીરી કરવાની રહેશે નહીં. ફરજ દરમ્યાન(જાહેર રજા, રવિવાર,વેકેશન સિવાય) લીધેલ તાસદીઠ, સમયદીઠ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૧૫ના ઠરાવને આધિન માનૂદ વેતન, મહેનતાણું એસએમસી. મારફત ચૂકવણું (માનદ દૈનિક ૬ તાસ= રૂા.૩૦૦ અને માસિક રૂા.૭૫૦૦/-થી વધુ નહીં)

૨) પ્રવાસી શિક્ષક માટેની કમિટીમા શાળાના આચાર્યશ્રી, સભ્યસચિવ રહેશે, તે સિવાય એસએમસી. અધ્યક્ષ અને એસએમસી.ના તમામ સદસ્યો અને પ્રા.શાળાના સિનીયર શિક્ષક રહેશે. એસએમસી. પ્રવાસી શિક્ષકની નિમણૂંક સાથે મહેનતાણાં અંગેની કામગીરી કરશે.

૩) તા.૩૧-૮-૧૫ના રોજ મંજૂર કરેલ મહેકમ કરતાં પ્રવાસી શિક્ષકો મૂકતા શિક્ષકોની સંખ્યા વધવી જોઈએ નહી.

૪) નગર પ્રા.શિ.સમિતિ સંચાલિત શાળાઓમાં જયાં હાલ એક શિક્ષકવાળી શાળાને ત્યાં બીજો શિક્ષક મળવાપાત્ર હોય તો તેવા કિસ્સામાં પ્રવાસી શિક્ષક માટે તેવી શાળાઓને પસંદગીમાં પ્રાથમિકતા આપવાની રહેશે.

૫) ઉચ્ચક પ્રાથમિક શાળાઓમાં ગણિત વિષયના શિક્ષકો તે પ્રાથમિકતા આપવાની રહેશે. (સ્નાતક જરૂરી)

૬) સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષકે શાળાનાં એક સિનીયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંયુક્ત રીતે પ્રવાસી શિક્ષક રાખવા માટે નિર્ણય કરવાનો રહેશે.

**૭) પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાનાં નિયમિત શિક્ષકો જે પ્રસૃતિની રજા, પરદેશની રજા, અસાધ્ય રોગોની માંદગીની લાંબી રજા પર હોય એટલે કે એક માસથી વધુ સમયની રજા પર હોય અને ૧૦ માસથી વધારે ન હોય તેવી જગાઓ પર જ પ્રવાસી શિક્ષક રાખવા માટે નિર્ણય કરવાનો રહેશે.**

૮) પ્રાથમિક શાળામાં પ્રવાસી શિક્ષકો મેળવવા માટે નિવૃત્ત પ્રાથમિક શિક્ષકો કે જેઓ નજીકમાં ઉપલબ્ધ હોય, શિક્ષણકાર્ય કરાવવા સક્ષમ હોય તેવા નિવૃત્ત શિક્ષકોને પ્રાયોરીટી આપવાની રહેશે.

૯) પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઈ લેખિત હુકમ કરવાના રહેશે નહીં. પરંતુ આ સાથે સામેલ અરજીપત્રકના નમુનામાં બાહેંધરી સાથે વિગતો ભરાવી તેમજ નમુનામાં જણાવેલ બોલી અને શરતોમાં સહી કરાવી ઓફિસે દફતરે રાખવું

૧૦) પ્રવાસી શિક્ષકને વાઉચરથી મળવાપાત્ર મહેનતાણું એસએમસી. એ ચૂકવવાનું રહેશે.

૧૧) પ્રવાસી શિક્ષકને માત્ર શાળામાં બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલાં દિવસ પુરતા જ કામગીરી કરાવવાની રહેશે તથા તેટલા જ દિવસનું ચૂકવણું વાઉચરથી કરવાનું રહેશે.

૧૨) પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઈ રજા કે છૂટ આપી શકાશે નહીં.આમ છતાં વર્કિંગ ડે માં પ્રવાસી શિક્ષક ન આવે તેવા કિસ્સામાં પ્રતિદિન રૂા.૩૦૦/- કાપી લેવાના રહેશે. શાળામાં આવ્યા પછી જે-તે દિવસે અધવચ્ચેથી જનાર પ્રવાસી શિક્ષકને જે-તે દિવસનું મહેનતાણું ચૂકવવાનું રહેશે નહી. આકસ્મિક સંજોગોમાં ગેરહાજર રહેનાર પ્રવાસી શિક્ષકનું મહેનતાણું ચૂકવવાનું રહેશે નહીં આમ છતાં વારંવાર અનિયમિત કે ગેરહાજર રહેતા પ્રવાસી શિક્ષકને તાકીદે કામગીરીમાંથી મુક્ત કરવાના રહેશે.

૧૩) જે નિયમિત શિક્ષક/ વર્ગનું શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષક સંભાળે છે તે શિક્ષક / વર્ગની શૈક્ષણિક કામગીરી સિવાયની અન્ય તમામ કામગીરી મુખ્ય શિક્ષકે કરવાની રહેશે (અન્ય કોઈ કામગીરી સોંપવી નહીં)

૧૪) ધો.૧ થી ૫ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી ૬૦ સુધીની વિદ્યાર્થી સંખ્યા હોય તો વધુમાં વધુ એક જ પ્રવાસી શિક્ષક રાખવાનો રહેશે.

૧૫) જે ઝોનમાં જે શાળાઓમાં આવા પ્રવાસી શિક્ષક મુકવાના થાય છે તે માટે અરજી ઉમેદવારે જે-તે એસએમસી./ શાળા કક્ષાએ શાળાની જાહેરાત પછી (દિન- ૭ માં) કરવી.

૧૬) સદર પ્રવાસી શિક્ષકો યોગ્ય કામ કરે છે કે કેમ ? તેની ચકાસણી મદદનીશ શાસનાધિકારી / બીટ સુપરવાઈઝર તેમની કક્ષાએથી કરશે.

૧૭) આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ની બજેટ જોગવાઈમાંથી કરવાનો થાય છે. મુખ્ય ઓફિસે તેની જાણ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારી મારફતે કરવાની રહેશે.

૧૮) પસંદ થયેલ ઉમેદવાર સેવા વિષયક અન્ય હક્ક દાવાઓ કરી શકશે નહીં.

૧૯) જે-તે શાળામાં મૂળ / કાયમી શિક્ષકોની ભરતી થતાં પ્રવાસી શિક્ષકની નિમણૂંક આપોઆપ રદ થયેલી ગણાશે.

૨૦) પ્રવાસી શિક્ષક તરીકે અરજીની સાથે લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, બાંહેધરી સાથેની અરજી(બોલીઓ અને શરતોમાં સહી સાથે) શાળામાં / એસએમસી.માં દિન-૭ માં જમા કરાવવી. મુખ્ય શિક્ષક/એસએમસી.એ પરિપત્રની સૂચના ક્રમ અનુસાર રજાઓ ધ્યાને લઈ નિમણૂંક સબંધી કાર્યવાહી કરી જે-તે ઝોનમાં આસિ.એ.ઓ.શ્રી પાસેથી લેખિત બહાલી મેળવી નિમણૂંક આપશે. તેની જાણ મુખ્ય ઓફિસ,એસ્ટાબ્લીશમેન્ટ વિભાગમાં રિપોર્ટ સાથે રજૂ કરવાની રહેશે.

**ખાસ નોંધ :-** **નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસથી આવા પ્રવાસી શિક્ષકોનો લાભ બાળકોને મળે તે માટે જે-તે શાળાએ કાર્યવાહી કરવાની રહેશે.**

તા. ૨૬-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

ફોટો

પ્રવાસી શિક્ષક માટે અરજી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

૧. નામ :-

૨. જન્મ તારીખ :-

૩. પૂરૂ સરનામું (રહેઠાણ) :-

૪. ફોન નંબર :-

૫. શૈક્ષણિક લાયકાત (જરૂરી આધારો બીડવા) :-

૬. પુરૂષ / સ્ત્રી :-

૭. જાતી : (એસ.સી./એસ.ટી./ઓબીસી/જનરલ) :-

૮. અનુભવ :

૯. ધો.૧ થી ૫ કે ધો.૬ થી ૮ માટે અરજી કરી છે. ?

૧૦. બેંકનું નામ :-

એકાઉન્ટ નંબર :

સ્થળ :

## બાંહેધરી

આથી હું ........................................ બાંહેધરી આપું છું કે પ્રવાસી શિક્ષક તરીકે મારી નિમણૂંક થશે તો હું સંપૂર્ણ પ્રમાણિકતા અને નિષ્ઠાથી વર્ગખંડમાં શિક્ષણકાર્ય મારી ફરજ બજાવીશ તેમજ મારી નિમણૂંક તારીખથી હું અન્ય કોઈ વ્યવસાયમાં જોડાઈશ નહી તેની ખાત્રી આપું છું. હું અન્ય કોઈ જગ્યાએ નોકરીમાં જોડાયેલ નથી. મને એસ.એમ.સી. અને શાળાના મુખ્ય શિક્ષકશ્રી સરકાર દ્વારા પ્રવાસી શિક્ષક માટેના માન્ય કરાયેલા નિયમો મને બંધનકર્તા છે. હું તે નિયમોનો ભંગ કરું તો મને ગમે ત્યારે એસએમસી. શાળાના મુખ્ય શિક્ષક છુટા કરી શકશે. આ પત્ર પાછળની શરતો અને બોલીઓ મને મંજૂર છે.

ઉમેદવારની સહી.

તારીખ :

ઉમેદવારનું પુરૂં નામ

સ્થળ :

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
## પ્રવાસી શિક્ષક માટેની શરતો અને બોલીઓ

(૧) પ્રવાસી શિક્ષકે તાસ દીઠ માનદ્‌ વેતનથી માત્ર શિક્ષણ કાર્ય કરવાનું રહેશે. અન્ય કોઈ કામગીરી કરવાની રહેશે નહીં. ફરજ દરમ્યાન (જાહેર રજાઓ, રવિવાર , વેકેશન સિવાય) લીધેલ તાસ દીઠ/ સમય દીઠ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૨૧.૧૨.૨૦૧૫ના ઠરાવને આધિન માનદ્‌ વેતન, મહેનતાણું SMCમારફત ચૂકવણું (માનદ્‌ દૈનિક, ૬ તાસ=૩૦૦ અને માસિક ૭૫૦૦/- થી વધુ નહી)

(૨) પ્રવાસી શિક્ષક માટેની કમિટીમાં શાળાના મુખ્ય શિક્ષકશ્રી, સભ્ય સચિવ રહેશે. તે સિવાય SMCઅધ્યક્ષ અને એસએમસીના તમામ સદસ્યો અને પ્રા.શાળાના સિનીયર શિક્ષક રહેશે. SMCપ્રવાસી શિક્ષકની નિમણૂંક અને મહેનતાણા અંગેની કામગીરી કરશે.

(૩) તા.૩૧-૮-૧૫નાં રોજ મંજૂર કરેલ મહેકમ કરતાં પ્રવાસી શિક્ષકો મૂકતા શિક્ષકોની સંખ્યા વધવી જોઈએ નહીં.

(૪) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલીત શાળાઓમાં જયાં હાલ એક શિક્ષકવાળી શાળા છે ત્યાં બીજો શિક્ષક મળવાપાત્ર હોય તો તેવા કિસ્સામાં પ્રવાસી શિક્ષક માટે તેવી શાળાઓને પસંદગીમાં પ્રાથમિકતા આપવાની રહેશે.

(૫) ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત વિષયના શિક્ષકોને પ્રાથમિકતા આપવાની રહેશે.(સ્નાતક પાસ જરૂરી)

(૬) સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષકે શાળાના એક સિનીયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંયુક્ત રીતે પ્રવાસી શિક્ષક રાખવા માટે નિર્ણય કરવાનો રહેશે.

(૭) પ્રાથમિક શાળામાં પ્રવાસી શિક્ષક મેળવવા માટે નિવૃત્ત પ્રાથમિક શિક્ષકો કે જેઓ નજીકમાં ઉપલબ્ધ હોય શિક્ષણ કાર્ય કરાવવા સક્ષમ હોય તેવા નિવૃત્ત શિક્ષકોને પ્રાયોરીટી આપવાની રહેશે.

(૮) પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઈ લેખિત હુકમ કરવાના રહેશે નહીં.

(૯) પ્રવાસી શિક્ષકને વાઉચરથી મળવાપાત્ર મહેનતાાણું SMCએ ચૂકવવાનું રહેશે.

(૧૦) પ્રવાસી શિક્ષકને માત્ર શાળામાં બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલા દિવસ પુરતા જ કામગીરી કરાવવાની રહેશે તથા તેટલા જ દિવસનું ચૂકવણું કરવાનું રહેશે.

(૧૧) પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઈ રજા કે છૂટ આપી શકાશે નહીં.

(૧૨) જે નિયમિત શિક્ષક/વર્ગનું શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષક સંભાળે છે.તે શિક્ષક/વર્ગની શૈક્ષણિક કામગીરી સિવાયની અન્ય તમામ કામગીરી મુખ્ય શિક્ષકે કરવાની રહેશે.(અન્ય કોઈ કામગીરી સોંપવી નહીં.)

(૧૩) ધોરણ ૧ થી ૫ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી ૬૦ સુધીની વિદ્યાર્થી સંખ્યા હોય તો વધુમાં વધુ એક જ પ્રવાસી શિક્ષક રાખવાનો રહેશે.

(૧૪) જે ઝોનમાં જે શાળાઓમાં આવા પ્રવાસી શિક્ષક મુકવાના થાય છે, તે માટે અરજી ઉમેદવારે જે તે SMC/ શાળા કક્ષાએ દિન-૭માં કરવી.

(૧૫) સદર પ્રવાસી શિક્ષકો યોગ્ય કામ કરે છે કે કેમ? તેની ચકાસણી મદદનીશ શાસનાધિકારીશ્રી, સુપરવાઈઝરશ્રીએ તેમની કક્ષાએથી કરશે.

(૧૬) આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ની બજેટ જોગવાઈમાંથી કરવાનો થાય છે.

(૧૭) પસંદ થયેલ ઉમેદવાર સેવા વિષયક અન્ય હક્કદાવાઓ કરી શકશે નહીં.

(૧૮) જે-તે શાળામાં મૂળ/કાયમી શિક્ષકોની ભરતી/રજા પરથી હાજર થતાં આપની પ્રવાસી શિક્ષક તરીકેની નિમણૂંક રદ થશે.

(૧૯) અરજદારે પ્રવાસી શિક્ષક તરીકે અરજીની સાથે લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, બાંહેધરી સાથેની આ અરજી શાળામાં / SMCએ ન.પ્રા.શિ.સમિતિના પરિપત્રના સૂચના ક્રમ ૭ અનુસાર રજાઓ ધ્યાને લઈ નિમણૂંક સબંધી કાર્યવાહી કરી લેખિત બહાલી મેળવી નિમણૂંક અપાશે.

(૨૦) રજૂ કરેલા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર કે અન્ય વિગતો સાચા છે. ભવિષ્યમાં ચકાસણી દ્વારા ખોટા માલુમ પડશે તો ઉમેદવાર સામે કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત બોલી/શરતો અને ફરજો સ્વીકારૂ છું અને તે આધારે પ્રવાસી શિક્ષક માટે સંમત થાઉં છું.

તા..............

ઉમેદવારની સહી :

ઉમેદવારનું નામ :

અને સરનામું

મારી રૂબરૂમાં

મુખ્ય શિક્ષકની સહી

મુખ્ય શિક્ષકનું નામ

અને શાળાનું નામ

૧૬૫ - ૮૫૦

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/પ્રવાસીશિક્ષક/૨૦૧૬/૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડો. જી.મ.ભવન, બ્લોક નં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા. ૨/૨/૨૦૧૬

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિકશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- શાશનાધિકારીશ્રી (તમામ)

વિષયઃ- તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની સુચના
સંદર્ભઃ- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૧૫ નો ઠરાવ

ઉપરોક્ત સંદર્ભના ઠરાવથી જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત અને અનુદાન લેતી પ્રાથમિક શાળાઓમા શિક્ષકોના અભાવે શિક્ષણ કાર્યની વિપરીત અસર થાય નહી તે ધ્યાને લઇ ગુજરાત સરકાર દ્વારા પ્રવાસી શિક્ષકની યોજના દાખલ કરવામાં આવી છે. તે માટેની કાર્ય પ્રણાલી અને માર્ગ દર્શક સુચનાઓ આ સાથે સામેલ મૂળ ઠરાવમા દર્શાવવામા આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તે ઠરાવમા અમલ કરતી વખતે નીચે મુજબની કાળજી લેવા જણાવવામાં આવે છે.

(૧) તા.૩૧/૦૮/૨૦૧૫ ના રોજ મંજૂર કરેલ સેટઅપ કરતા પ્રવાસી શિક્ષકો મૂકતા શિક્ષકોની સંખ્યા વધવી જોઇએ નહી.
(૨) જિલ્લા પંચાયત સંચાલિત શાળાઓમા જયા હાલ એક શિક્ષક વાળી શાળા છે. ત્યા બીજો શિક્ષક મળવા પાત્ર હોયતો તેવા કિસ્સામા પ્રવાસી શિક્ષક માટે તેવી શાળાઓને પસંદગીમા પ્રાથમિકતા આપવાની રહેશે.
(૩) ઉચ્ચપ્રાથમિક શાળાઓમા ગણિત વિજ્ઞાનના શિક્ષકોને પ્રાથમિકતા આપવાની રહેશે.
(૪) જે શાળામાંથી કોઇ શિક્ષકની બદલી થયેલ છે. અને ૫૦ ટકા મહેકમ જળવાતુ ન હોવાથી છુટા કરેલ નથી, તેવી શાળામાં પ્રવાસી શિક્ષક મુકી તેવા શિક્ષકોને છુટા કરવાના રહેશે.
(૫) સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષકે શાળાના એક સિનિયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંયુકત રીતે પ્રવાસી શિક્ષક રાખવા માટે નિર્ણય કરવાનો રહેશે.
(૬) પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ માં ધોરણ ૧૨ પાસને પણ પ્રવાસી શિક્ષક તરીકે રાખી શકશે.
(૭) પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઇ લેખીત હુકમ કરવાના રહેશે નહી.
(૮) પ્રવાસી શિક્ષકને વાઉચરથી મળવાપાત્ર મહેનતાણુ ચુકવવાનું રહેશે.
(૯) પ્રવાસી શિક્ષકને માત્ર શાળામાં બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલા દિવસ પુરતા જ કામગીરી કરાવવાની રહેશે તથા તેટલા જ દિવસનું ચુકવણુ કરવાનુ રહેશે.
(૧૦) પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઇ રજા કે છુટ આપી શકાશે નહી.
(૧૧) જે નિયમિત શિક્ષક/વર્ગ નું શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષક સંભાળે છે. તે શિક્ષક/વર્ગ ની શૈક્ષણિક કામગીરી સિવાયની અન્ય તમામ કામગીરી મુખ્ય શિક્ષકે કરવાની રહેશે.

(૧૨) ધોરણ ૧ થી ૫ ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી ૬૦ સુધીની વિદ્યાર્થી સંખ્યા હોય તો વધુમાં વધુ એકજ પ્રવાસી શિક્ષક રાખવાનો રહેશે

(૧૩) અનુદાનિત પ્રાથમિક શાળાઓમા વર્ગ દીઠ શિક્ષકનો રેશિઓ નક્કી થયેલ હોઇ તેમા ખૂટતા શિક્ષક માટે જ પ્રવાસી શિક્ષકની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૪) આપના જિલ્લામાં આવેલી શાળાઓમા કઇ શાળામાં પ્રવાસી શિક્ષક મુકવાના થાય છે. તેની શાળા વિગત માટે અત્રેની કચેરીને તા.૮/૦૨/૨૦૧૬ સુધી મોકલી આપવાની રહેશે. જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની શાળા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ યાદી/વિગત રજૂ કરવાની રહેશે. યાદી રજૂ કરતી વખતે આ સાથે સામેલ નિયત નમૂના મુજબનું પ્રમાણપત્ર તથા ગ્રાન્ટ માંગણી પત્રક સબંધિત અધિકારીએ આપવાનું રહેશે.

(૧૫) સદર પ્રવાસી શિક્ષકો યોગ્ય કામ કરે છે કે કેમ? તેની ચકાસણી કરવા તથા બિનજરૂરી કામગીરી/ચૂકવણુ ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી એ તેમની કક્ષાએથી ગોઠવવાનું રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૫-૧૬ ની બજેટ જોગવાઇમાથી કરવાનો હોવાથી રજૂ થયેલી યાદી સામે મંજૂર કરેલ પ્રવાસી શિક્ષકો માટે ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) સંદર્ભ દર્શિત ઠરાવમા તાસ દીઠ મહેનતાણું નક્કી કરવામાં આવેલ છે. તે ધ્યાને રાખી જે તે જિલ્લામાં થનાર ખર્ચના ચોક્કસ અંદાજો તા.૮/૦૨/૨૦૧૬ના રોજ અત્રેની કચેરીમા શ્રી બી.એ.સિંઘલ, શ્રેયાન અધિક્ષક ને રજૂ કરવાના રહેશે, જેથી તે અંગેની ગ્રાન્ટ ફાળવણી કરી શકાય જે જિલ્લા / નગર શિક્ષણ સમિતિ / જિલ્લા શિક્ષણાધિકારી મારફત તા.૮/૦૨/૨૦૧૬ના રોજ યાદી તથા અંદાજો રજૂ કરવામા નહી આવે તો તેવા સંબંધીત વિસ્તારમા પ્રવાસી શિક્ષકની આવશયકતા નથી. તેમ માનવામા આવશે. ત્યારબાદ પાછળથી કોઇપણ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહી તેની ગંભીર નોધ લેવી તથા તેના કારણે જે પ્રશ્ન ઉપસ્થિત થશે અથવા રજૂઆત મળશે તો સંબંધીત અધિકારીની ફરજ પ્રત્યેની નિષ્ઠાનો અભાવ માની તેવો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવા શિક્ષણ વિભાગને જાણ કરવાની ફરજ પડશે જેની નોધ લેશો.

(ડૉ.ભરત પંડિત)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના-

-અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર

-અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રી(રાજય કક્ષા)નું કાર્યાલય, ગાંધીનગર

-અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

## પ્રમાણપત્ર અને ગ્રાન્ટ માંગણી પત્રક

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની કુલ .......... નિમ્ન પ્રાથમિક શાળા અને........... ઉચ્ચ પ્રાથમિક શાળા પૈકી...........નિમ્ન પ્રાથમિક શાળામાં ......... પ્રવાસી શિક્ષકો અને........... ઉચ્ચ પ્રાથમિક શાળામાં......... પ્રવાસી શિક્ષકો મળીને કુલ ......... પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવા અત્રેથી કરેલી દરખાસ્તની મે જાતે ચકાસણી કરેલ છે. અને તે બરાબર છે. તા.૩૧/૮/૨૦૧૫ના મંજુર સેટઅપ કરતા શિક્ષકોની સંખ્યા વધતી નથી, તેની ખાત્રી કરેલ છે.

નામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લો

## ગ્રાન્ટ માંગણી પત્રક

૧. જિલ્લો

૨. જરૂરી પ્રવાસી શિક્ષકોની સંખ્યા અને તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવ મુજબ અંદાજિત ખર્ચ (રૂ.લાખમાં)

| શાળાનો પ્રકાર | જરૂરી પ્રવાસી શિક્ષકોની સંખ્યા | સંભવિત ખર્ચ માહે ફેબ્રુ-૧૬ | સંભવિત ખર્ચ માહે માર્ચ-૧૬ | સંભવિત ખર્ચ માહે એપ્રિલ-૧૬ | એકંદર કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| નિમ્ન ધો.૧થી ૫ | | | | | |
| ઉચ્ચ ધો.૬ થી ૮ | | | | | |
| કુલ | | | | | |

નામ સહી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લો

૯૪૧૧-૭૫

ક: પ્રાશિનિ/નીતિ/પ્રવાસી શિક્ષક/૨૦૧૬/ક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૦૫/03/૨૦૧૬

પ્રતિ,
-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.
-શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

વિષયઃ- તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની સુચના.
સંદર્ભઃ- ૧.શિ.વિ.ના પત્રક: બમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૪-૨-૨૦૧૬
૨. આ કચેરીના પત્રક:પ્રાશિનિ/નીતિ/પ્રવાસીશિક્ષક/૨૦૧૬/ક/૭૬૫-૮૫૦
તા.૪-૨-૨૦૧૬

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત અને અનુદાન લેતી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના અભાવે શિક્ષણ કાર્યની વિપરીત અસર થાય નહી તે ધ્યાને લઇ ગુજરાત સરકાર દ્વારા પ્રવાસી શિક્ષકોની યોજના શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ ના ઠરાવથી દાખલ કરવામાં આવી છે. તે માટેની કાર્યપ્રણાલી અને માર્ગદર્શક સુચનાઓ આ કચેરીના સંદર્ભ-૨ ના પત્રથી તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓને આપવામાં આવેલી છે. આ સુચનાઓમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| સુચના ક્રમ | જુની જોગવાઇ | સુધારેલી જોગવાઇ |
|---|---|---|
| ૪ | જે શાળામાંથી કોઇ શિક્ષકની બદલી થયેલ છે અને ૫૦ ટક મહેકમ જળવાતુ ન હોવાથી છુટા કરેલ નથી, તેવી શાળામાં પ્રવાસી શિક્ષક મુકી તેવા શિક્ષકને છુટા કરવાના રહેશે. | આ સુચના રદ કરવામાં આવે છે. |
| ૬ | પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૫ માં ધોરણ ૧૨ પાસને પણ પ્રવાસી શિક્ષક તરીકે રાખી શકશે | આ સુચના રદ કરવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | | - | નવા જોગવાઇ- આવા પ્રવાસી શિક્ષકો મેળવવા માટે નિવૃત પ્રાથમિક શિક્ષકો કે જેઓ નજીકમાં ઉપલબ્ધ હોય, શિક્ષણ કાર્ય કરાવવા સક્ષમ હોય તેવા નિવૃત શિક્ષકોને પ્રાયોરીટી આપવાની રહેશે. |
| ૧૯ | | - | પ્રવાસી શિક્ષકો શોધવા બાબતે કોઇ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ લઇ શકાશે પરંતુ માનદવેતન જે તે શિક્ષકને એસ.એમ.સી. દ્વારા જ ચુકવવાનું રહેશે. |

પ્રવાસી શિક્ષકોની વિગતો સબંધિત શાળા/તાલુકા કક્ષાએ નકકી કરી તેની યાદી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને દિન-૭ માં મોકલી આપવાની રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આવી યાદી મેળવીને થનાર ખર્ચની વિગતો સાથે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને દિન- ૭ માં જાણ કરવાની રહેશે. ફાળવેલ ગ્રાંન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

તાસદીઠ માનદવેતનથી (Honorarium
Per Period ) શિક્ષણકાર્ય કરાવવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૦૧૪-૧૪૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૧-૧૨-૨૦૧૫

ઠરાવ:-

પ્રાથિમક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનીત શાળાઓમાં મંજુર શિક્ષકોની જગાઓ સામે ખાલી જગા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિધાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period ) શિક્ષણકાર્ય કરાવવા અંગેની કાર્યપ્રણાલી નીચે દર્શાવ્યા મુજબ અનુસરવા આથી ઠરાવવામાં આવે છે.

કાર્યપ્રણાલી:-

**તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન (Honorarium ) નીચે મુજબ રહેશે.**

| વિગત | તાસદીઠ માનદ વેતન (Honorarium ) | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન (Honorarium ) |
|---|---|---|---|
| પ્રાથમિક શિક્ષણ | રૂ. ૫૦ | ૬ તાસ | રૂ. ૩૦૦ |
| માધ્યમિક શિક્ષણ | રૂ. ૭૫ | ૬ તાસ | રૂ. ૪૫૦ |
| ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂ. ૯૦ | ૬ તાસ | રૂ. ૫૪૦ |

માર્ગદર્શક સૂચનાઓ અને શરતો:-

૧. પ્રાથમિક શિક્ષણમાં તાસ પધ્ધતિ ન હોય ત્યાં મહત્તમ દૈનિક માનદ વેતન રૂ. ૩૦૦/- રહેશે. પ્રાથમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહતમ માનદવેતનની મર્યાદા રૂ.૭૫૦૦/-થી વધે નહી તે રીતે માધ્યમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહતમ

માનદવેતનની મર્યાદા રૂ.૧૩,૫૦૦/-થી વધે નહી તે રીતે અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહતમ માનદવેતનની મર્યાદા રૂ.૧૩,૭૦૦/-થી વધે નહી તે રીતે રાખવાની રહેશે.

૨. શાળાઓમાં શિક્ષકોની વિષયવાર ભરતી થતી હોય છે અને શિક્ષકને એક કરતાં વધારે વર્ગમાં શિક્ષણ કાર્ય સોંપવામાં આવતું હોય છે તેથી નિયમિત શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થીને શિક્ષણકાર્યથી વંચિત રહેવું ન પડે તે માટે પ્રવાસી શિક્ષક (મુલાકાતી શિક્ષક)ની સેવાઓ લેવા માટે જે તે વિષય શિક્ષક એવો લેવાનો રહેશે જે એક કરતાં વધારે ધોરણમાં ભણાવી શકે.

૩. સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોએ ૧ માસથી વધારે સમયની રજા મૂકી હશે તો તે એડવાન્સમાં પ્રિન્સીપાલ પાસે મંજુર કરાવવાની રહેશે. આચાર્યએ આવી રજા મંજુરી માટે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે ૧ માસથી વધારે સમયની રજા હોય તો તે એડવાન્સમાં મંજૂર કરી તે શિક્ષકની ગેરહાજરી દરમ્યાન શિક્ષણ કાર્યને પહોંચી વળવા માટે મુલાકાતી શિક્ષક માટે જેની સેવાઓ લેવા નકકી કર્યું હોય તેની જાણકારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપવાની રહેશે. આ મુલાકાતી શિક્ષકને નિયત માનદવેતન, ઉચ્ચક દરે ચૂકવવામાં આવશે તે માટે જે તે શાળાની રજુઆત મળ્યેથી તેની ગણતરી કરી ચૂકવવાની થતી ઉચ્ચક ગ્રાન્ટ આચાર્યના હવાલે ફાળવવા / મૂકવા સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કાર્યવાહી કરવાની રહેશે. આ ઉચ્ચક ગ્રાન્ટના હિસાબો આચાર્યએ નિભાવવાના રહેશે. મુલાકાતી શિક્ષકને જે તે વિષયનું શિક્ષણકાર્ય સુપ્રત કર્યા બદલ જયાં સી.સી.ટી.વી. કેમેરા ઉપલબ્ધ હોય ત્યાં વીડીયો રેકોર્ડીંગ રાખવાનું રહેશે. સાથોસાથ, શાળા સંચાલન સમિતિ પાસેથી પણ મુલાકાતી શિક્ષકે શિક્ષણ કાર્ય પૂર્ણ કર્યું છે તે અંગેની મંજુરી મેળવવાની રહેશે. નિયમિત શિક્ષકની રજા કે ઘટ દરમ્યાન મુલાકાતી શિક્ષકની સેવાઓ લઇ શકાશે પરંતુ તે માટે પણ આ ફકરામાં જણાવ્યા મુજબની તમામ કાર્યવાહી ફરજિયાત અનુસરવાની રહેશે.

૪. સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે પણ ઉપર મુજબ કાર્યવાહી અનુસારવાની રહેશે પરંતુ તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ કાર્યવાહી કરવાની રહેશે. બાકીની શરતો ઉપર ફકરા -૩માં દર્શાવ્યા મુજબ રહેશે.

૫. અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે પણ ઉપર મુજબ કાર્યવાહી અનુસારવાની રહેશે પરંતુ તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ કાર્યવાહી કરવાની રહેશે. બાકીની શરતો ઉપર ફકરા-૩માં દર્શાવ્યા મુજબ રહેશે. અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નિભાવ ગ્રાન્ટ ચુકવવામાં આવે છે તે ગ્રાન્ટમાંથી નિયમિત શિક્ષકની રજા કે ઘટ દરમ્યાન મુલાકાતી શિક્ષકની સેવાઓ લઇ શકાશે. પરંતુ તેનો ખર્ચ જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન ફાળવવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. સંચાલક મંડળ દ્વારા રજુ થતાં એસ્ટીમેટના આધારે ગ્રાન્ટ ઈન કોડની જોગવાઈ ૯૦.૧ મુજબ વર્ષમાં ૪ વાર એડવાન્સ ગ્રાન્ટ છૂટી કરવમાં આવે છે તેમાંથી આ ગ્રાન્ટ છૂટી કરવાની રહેશે અને તેનું ઓડિટ તુરતું જ પૂર્ણ કરવાની જવાબદારી અને સંચાલક મંડળ અને જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે. ઉપર ફકરા-૩ માં જણાવ્યા મુજબના તમામ આધાર શાળા સંચાલક મંડળે અને આચાર્યએ રાખવાના રહેશે.

અનુદાનિત પ્રાથમિક શાળા માટે પણ ઉપર મુજબ કાર્યવાહી અનુસારવાની રહેશે પરંતુ તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ કાર્યવાહી કરવાની રહેશે. બાકીની શરતો ઉપર ફકરા-૩માં દર્શાવ્યા મુજબ રહેશે. અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં મેન્ટેનન્સ ગ્રાન્ટ ચૂકવવામાં આવતી નથી તેથી પ્રવાસી શિક્ષકના ઉચ્ચક માનદવેતનનો ખર્ચ આકસ્મિક ખર્ચ તરીકે અનુદાનમાં આપવા લાગુ પડતા નિયમોમાં નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણએ યથા યોગ્ય સુધારો કરી ચુકવવાનો રહેશે. પરંતુ આ માટે જે રીતે અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કેસમાં આચાર્યએ હિસાબ રાખવાના છે તે મુજબ અનુદાનિત પ્રાથમિક શાળાના આચાર્યએ હિસાબ રાખવાના રહેશે અને તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને દર ત્રણ માસે રજુ કરી તેનું મેળવણું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અચૂક કરાવી લેવાનું રહેશે.

૬. જયાં મુલાકાતી શિક્ષક રાખવામાં આવ્યા હોય તે શાળાઓનું ઇન્સ્પેકશન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા જિલ્લા શિક્ષણાધિકારીએ અચૂકપણે કરવાનું રહેશે અને તેઓના પ્રતિનિધિએ પણ અચાનક મુલાકાત લઇ ખરાઇ કરવા સીસ્ટમ ઉભી કરવાની રહેશે.

૭. આ યોજના હાલ પૂરતી ૨ વર્ષ માટે જ અમલી રહેશે. બે વર્ષ પછી આ યોજના આપોઆપ રદ થશે. શાળા સંચાલક મંડળો તથા આચાર્યો શિક્ષકની ગેરહાજરી કે અનુપલબ્ધીમાં વિધાર્થીના હીતાર્થે શિક્ષણકાર્યને પહોંચી વળવા આ યોજનાનો ઉપર જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં અથવા પ્રસુતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે કે તુરત જ મુલાકાતી શિક્ષકની વૈકલ્પિક વ્યવસ્થાનો અંત લાવવાનો રહેશે અન્યથા જો કોઇ મુલાકાતી શિક્ષકને મંજુર મહેકમ કરતાં વધારે સંખ્યામાં ચાલુ રાખવામાં આવશે તો તે આચાર્યના અંગત પગારમાંથી વસુલ કરવામાં આવશે અને તે માટે આચાર્ય તથા સંચાલક મંડળ બંને પાસેથી યથાસંજોગો વસુલાત કરવા તથા શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે જરૂરી તકેદારી રાખવાની કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીએ રાખવાની રહેશે.

૯. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યાઓ નિયમિત રીતે ભરાય અથવા ૧૦ (દસ) માસથી વધારે ન હોય તે રીતે અને જે કિસ્સામાં નિયમિત શિક્ષક એક માસથી વધુ સમયની રજા પર હોય તે દરમ્યાન વર્ગખંડનું શિક્ષણકાર્ય અટકે નહી તે માટે મુલાકાતી શિક્ષક લેવાના રહેશે.

<u>લાયકાતના ધોરણઃ-</u>

મુલાકાતી શિક્ષકની સેવાઓ લેવા માટે નીચે મુજબના લાયકાતના ધોરણો સંતોષતા હોય તેવી યોગ્ય વ્યક્તિને લઇ શકાશે.

| | |
|---|---|
| પ્રાથમિક શિક્ષણ - | જે વિષયના શિક્ષકની ગેરહાજરી બદલ મુલાકાતી શિક્ષકની સેવા લેવાની હોય તે વિષયમાં સ્નાતક હોવા જ જોઇએ. |
| માધ્યમિક શિક્ષણ | જે વિષયના શિક્ષકની ગેરહાજરીમાં મુલાકાતી શિક્ષક લેવાના હોય તે વિષયમાં સ્નાતક હોવા જ જોઇએ. સાથે કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. |
| ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ- | - ઉપર મુજબ - |

આ વ્યવસ્થા તદ્દન હંગામી ધોરણે કરવામાં આવે છે. સીધી ભરતીના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા હોવાથી અને તાસ દીઠ માનદ વેતન (Honorarium Per Period ) થી સેવાઓ લેવાની હોઇ મુલાકાતી શિક્ષક તરીકે આવનાર ઉમેદવારનો કોઇ અન્ય સેવા વિષયક હકકદાવો રહેશે નહીં.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી તથા જે તે શાળાના આચાર્યોએ લાયકાતના ધોરણો, માર્ગદર્શક સૂચનાઓ અને ચૂકવવામાં આવતા તાસ દીઠ માનદ વેતન (Honorarium Per Period ) બાબતે કોઇ કાયદાકીય ગૂંચ ઉભી ન થાય તે પ્રમાણે કાળજી લેવાની રહેશે.

તમામ જિલ્લામાં એક સુત્રતા જળવાય તે માટે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી તથા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણે પણ આ ઠરાવની માર્ગદર્શક સૂચનાઓ અનુસરવાની રહેશે અને અમલવારીમાં એકસુત્રતા જળવાય તે મુજબની કાર્યરીતિ અપનાવવાની રહેશે. મુલાકાતી શિક્ષકના ચૂકવણાની કામગીરી ઉચ્ચક બીલથી કોઇપણ લેખિત હુકમો વિના કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૫-૨૦૧૬ ની અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાકની ફાઈલ ઉપર નાણા વિભાગની તારીખ ૧૭-૧૦-૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ.ટી.શાહ

( એમ.ટી. શાહ )

સરકારના નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- વિભાગની સર્વે શાખાઓ
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.